પરિવર્તન ટ્રસ્ટ મેઘરજ અને ભારત સરકારના દાનતોપંત ઠેગડી રાસ્ટ્રિયા શ્રમિક શિક્ષા અને વિકાસ બોર્ડની અમદાવાદ રિજીયોનલની જાગૃતિ શિબિર યોજાઈ

મેઘરજ તા. ૨૫ અરવલ્લી જિલ્લામાં પરિવર્તન ટ્રસ્ટ મેઘરજ ગ્રામ વિકાસની સાથે મહિલાઓમાં અને છેવાડાના માનવીઓ માં જાગૃતિ આવે અને સરકારના મહિલા સશક્તિકરણ કાર્યને વેગ આપવા નોધ પાત્ર કામગીરી હાથ ધરવામાં આવી જેના ભાગ રુપે તાજેતર માં ૨૨ અને ૨૩ નવેમ્બર બે દિવસ જાગૃતિ શિબિર બ્રાહ્મણ કોટડા અને જુનિવાંક ગામે અસગઠિ ત જુથની મહિલા અને ભાઈ ઓમાં જાગૃતિ આવે તે માટે અને જરુરીયાતને ધ્યાનમાં રાખી ૭૩ અસંગઠિત ક્ષેત્રના કામદારો જોડે ગ્રામિણ લેવલે જ શિક્ષણ અને તાલીમ આયોજન હાથ ધરાયું. જેમાં રોજિંદિ પ્રવૃતિમાંથી બચત વિમો જેંડર તથા સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓની મહિતી આપવાનુ આયોજન હાથ ધરાયું. જેમાં બે દિવસ ની તાલીમ માં વિષય નિષ્ણાતો દવરા તાલીમ આપવામાં આવી રિજીયોનલ ઓફિસ ના પ્રાદેશીક ડિરેક્ટર મોહાંણ સેન તથા પરિવર્તન ટ્રસ્ટ ના ટ્રસ્ટી શ્રી જગદિશ ભાઈ પંડયા હાજર રહયા હતા.સાથે હેતલબેન પંડયા,બકુલાબેન ભગોરા,શૈલેન્દ્ર સિંહ જાડેજા,ભવાન સિંહ રાઠોડ, અને કાળુભાઈ વણકર વિગેરે તજજ્ઞો દ્વારા વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન અને સરકારી યોજના ઓ કેવી રીતે અમલી કરવી બચત મંડલની માહિતી આપવામાં આવી હતી.

શિક્ષણના ભોગે ગ્રામ પંચાયતોનું ચૂંટણી પર્વ સફળ બનાવવાનો પ્રયાસ, વાલીઓમાં રોષ

૪૫૮ ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ : શિક્ષણ વિભાગના ૫૦૦૦ કર્મચારીઓને કામગીરી અપાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

એક તરફ શિક્ષણનું સ્તર ઉંચુ લાવવાની ડહાપણની વાત થઈ રહી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તા.૧૯ ડિસેમ્બરે યોજાનારા ૪૫૮ ગ્રામ પંચાયતના ચૂંટણી જંગમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. શાળાના ૫૦૦૦ કર્મચારીઓને પ્રિસાઈડીંગ ઓફીસર, આસીસ્ટન્ટ પ્રિસાઈડીંગ ઓફીસર, પોલીંગ ઓફીસર, મહિલા પોલીંગ ઓફીસરની કામગીરી સુપ્રત સોંપવામાં આવશે. કોરોના પછી માંડ ધો.૬ થી ૧૨નું ઓફલાઈન શીક્ષણ પાટે ચડ્યું અને એકાદ સપ્તાહમાં શિક્ષકોને ચુંટણી કામગીરીની તાલીમમાં મોકલવાના આદેશ થશે એટલે શિક્ષણ ભોગે ગ્રામ પંચાયતનું ચુંટણી પર્વ સફળ બનાવવાના પ્રયાસ સામે વાલીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

લોકશાહીનું સંપૂર્ણ સન્માન થવું જોઈએ અને ભારતના નાગરિકે પોતાને મળેલા મતાધિકારનો પણ રાષ્ટ્રના સર્વોત્તમ નિર્માણ માટે ઉપયોગ કરવો જોઈએ. રાજયના વિકાસમાં ગામડાઓનું આગવું મહત્વ રહ્યું છે અને ગામડું સમૃદ્ધ તો રાજય અને રાષ્ટ્ર સમૃદ્ધ થતું હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની ચૂંટણીનો જંગ નિશ્ચિત થયા પછી ગ્રામ્ય વિસ્તારોમાં કુટુંબીઓ અને ક્યાંક સગા ભાઈઓ અને સબંધીઓને એકબીજા સામે ચૂંટણી લડતા હોવાના દ્રશ્યો ટુંકમાંજ સામે આવશે. જેથી અનેક પરીવારોમાં બોલવાના અને સામે જોવના સબંધો પણ નહિ રહે. જ્યારે કોરોનાના કારણે શિક્ષણનું સ્તર અત્યંત નબળું પડ્યું અને ચુંટણી કામગીરીઓમાં શિક્ષકોને નિયુક્ત કરાય તો ફરીથી શિક્ષણકાર્ય ખોરંભે પડવાની દહેશત છે.

જન્મદિને વધામણી

સચિન યોગેશભાઈ ઉપાધ્યાય
બાયડ

સાવન યોગેશભાઈ ઉપાધ્યાય
બાયડ

હીરેન આર. શાહ
ગોકુલેશ સોસાયટી
બાયડ જી.અરવલ્લી

ડીસામાં લોધા સમાજે ગરીબ પરિવારની દીકરીના ધામધૂમથી લગ્ન યોજ્યા

સમાજની પ્રેરણાદાઈ પહેલના ચોમેર વધામણાં

ડીસા, તા. ૨૫ ચોમેર લગ્નનોની શરણાઈઓની ગૂંજ વચ્ચે ડીસાના લોધા સમાજના સકળ પંચે સમાજની એક ગરીબ પરિવારની દીકરીના ધામધુમથી લગ્ન કરાવી સમાજમાં પ્રેરણાદાઈ પહેલ કરી છે.

કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી લગ્નની સીઝનને પણ ગ્રહણ લાગી ગયું હતું.તેથી લોકોને દીકરા - દીકરીના લગ્ન મોકૂફ રાખવાની ફરજ પડી હતી પરંતુ હવે કોરોનાનું જોર ઘટતાં સરકારે પણ તહેવારો સહિત લગ્નો માટે શરતી છૂટછાટો આપી છે. તેથી દિવાળીની રંગેચંગે ઉજવણી બાદ હવે લગ્નોની સીઝન ખુલી છે. જેને લઈ ઠેરઠેર લગ્નોના માંડવડા સાથે વરઘોડા નજરે પડી રહ્યા છે. ત્યારે મૂળ ઉત્તર પ્રદેશ ના પણ ધંધા -રોજગાર અર્થે વર્ષોથી બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસા ખાતે સ્થાઈ થયેલા લોધા સમાજના સકળ પંચે સમાજના અતિ ગરીબ મહેશભાઈ દયારામભાઈ લોધાની દીકરીના લગ્ન સમણવા નિવાસી દિલીપભાઈ અમરસિંહ લોધાના દીકરા સાથે ધામધૂમથી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે હરીહર મહાદેવના મંદિરમાં યોજી સમાજમાં દાખલો બેસાડ્યો હતો.જેમાં સમાજના લોકોએ કરિયાવર સહિતનો તમામ ખર્ચ ઉઠાવી વર વધુને વિવિધ ભેટ- સોગાદો પણ આપી હતી.ત્યારે ભાવવિભોર ગરીબ પરિવારમાં હર્ષાશ્રુ ઉમટી પડ્યા હતા.લોધા સકળ પંચના આ નિર્ણયને હર કોઈએ વધાવી લીધો હતો અને અન્ય સમાજો પણ તેમાંથી પ્રેરણા લે તેવું આહવાન કર્યું હતું.

રાષ્ટ્રીય દૂધ દિન નિમિતે બનાસડેરી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

નિઃશુલ્ક પશુ સારવાર અને રસીકરણ કેમ્પનું પણ આયોજન

પાલનપુર, તા. ૨૫ ૨૬ મી નવેમ્બર રાષ્ટ્રીય દૂધ દિન નિમિતે શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ.વર્ગીસ કુરિયનની ૧૦૦ મી જન્મ જયંતિ પ્રસંગે બનાસડેરીએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જે અંતર્ગત ટેટોડા ગૌશાળા, તા.ડીસા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે જેમાં ૧૦૧ દાતાઓ પોતાનું રક્તદાન કરશે. સાથે સાથે નિઃશુલ્ક પશુ સારવાર કેમ્પનું પણ આયોજન કરેલ છે. વધુમાં ખરવા-મોવાસા રોગનું રસીકરણ અને સામુહિક કૃમિ નિવારણનું આયોજન કરેલ છે.

ડીસાના ટેટાડા નજીક ઈકો ગાડીમાંથી પટકાતા મહિલાનું મોત

ઇકો ગાડી ચાલક વિરુદ્ધ ગુનો દાખલ

ડીસા,૨૫

ડીસા પંથકમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓમાં નોંધ પાત્ર વધારો થયો છે તેમાં પણ પેસેન્જર વાહન ચાલકોની બેદરકારીના કારણે અનેક લોકો જીવ ગુમાવી રહયા છે ત્યારે ડીસાના ધાનેરા રોડ ઉપર ચાલુ વાહને પટકાયેલી મહિલાનું ઈજાના કારણે કરુણ મોત નિપજવાની ઘટના સામે આવી છે.

આ અકસ્માતની વિગત જોતા ધાનેરાના અનાપુરા છોટા ગામે રહેતા વાલાભાઈ લુબાજી માજીરાણાં અને તેમના પત્ની શારદાબેન ગત તા. ૨૫/૧૧/૨૧ ના રોજ ઈકો ગાડીમાં બેસી ડીસા તરફ આવતા હતા. જેમાં શારદાબેન ઈકોની પાછળની સીટ ઉપર બેઠા હતા. જોકે ઈકો ચાલકે ટેટાડા નજીક પુરપાટ ઝડપે ચલાવી એકાએક બ્રેક મારતા ઈકોમાં પાછળની સીટ ઉપર બેઠેલા શારદાબેન રોડ ઉપર પટકાયા હતા અને ગંભીર ઈજા થતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા પણ ફરજ ઉપરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના પતિ લુબાજીએ ડીસા તાલુકા પોલીસ મથકે ઈકો ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન

આતુરતાનો અંત : બનાસકાંઠાની ૫૯૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર

સરપંચો અને સભ્યો માટે ૧૯ ડિસેમ્બરના બેલેટ પેપર થી મતદાન યોજાશે: ૨૧ ડિસેમ્બરે ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામની મતગણતરી કરાશે

પાલનપુર તા. ૨૫

ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવા રાજ્યના ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જેમાં વિવિધ ગ્રામ પંચાયતના સરપંચો અને સભ્યો માટે આગામી તા. ૧૯ ડિસેમ્બરના બેલેટ પેપર થી મતદાન યોજાશે અને તા.૨૧ ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાશે જોકે ચૂંટણી જાહેર થતા જ ગામડાઓમાં આચારસંહિતા લાગુ થઈ છે આ ચૂંટણીમાં બનાસકાંઠાની ૫૯૦ ગ્રામપંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર હોઈ ગ્રામીણ વિસ્તારોમાં રાજકીય ગરમાવો જામ્યો છે

ગુજરાતમાં વિધાનસભા ની ચૂંટણીના એક વર્ષ અગાઉ એટલે કે ડિસેમ્બર ૨૦૨૧માં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા એવી ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર કરવામાં આવી છે ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ૨૯ નવેમ્બરે જાહેરનામું પ્રસિદ્ધ થશે અને ૪ ડિસેમ્બર સુધી ઉમેદવારીપત્રો ભરવાની પ્રકીયા હાથ ધરાશે અને તા. ૧૯ ડિસેમ્બરે બેલેટ પેપરથી મતદાન યોજાશે જેની તા.૨૧ ડિસેમ્બરના મત ગણતરી કરવામાં આવશે આ ચૂંટણી ને લઈ બનાસકાંઠાના મોટાભાગના ગામડાઓ માં આચારસંહિતા લાગુ થઈ ગઈ છે બનાસકાંઠા માં કુલ ૯૪૮ ગ્રામ પંચાયત છે જેમાં ૫૯૦ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજાશે જેમાં અંદાજીત ૧૪ લાખ જેટલા મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે જોકે ગ્રામ પંચાયત ની ચૂંટણી જાહેર થવાની સાથે ઠંડીની મોસમમાં ગામડાઓમાં રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે

ભાગળ (જગાણા) ગ્રામ પંચાયત સમરસ કરવા લોકોનો નિર્ધાર

ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થતા અનેક ગામોમાં સરપંચ બનવા લોકો થનગની રહ્યા છે તો કેટલાક ગામોમાં સરપંચની ચૂંટણી લોહીયાળ પણ બનતી હોય છે. પરંતુ પાલનપુર તાલુકાના ભાગળ (જગાણા) ગામે ગ્રામ પંચાયતને સમરસ કરવાનો નિર્ણય કર્યો છે પાલનપુરના(ભાગળ) જગાણા ગામમાં આઝાદી બાદ ક્યારેય ચૂંટણી નથી થઈ. છેલ્લા પાંચ વર્ષમાં ગ્રામ પંચાયત સમરસ ન હોવાને કારણે ભાગળ ગ્રામ પંચાયતએ ઘણું બધું ગુમાવ્યું છે. ત્યારે હવે આગળ ગ્રામજનોને નિર્ણય કર્યો છે કે, પંચાયતને સમરસ કરવામાં આવે

ચૂંટણી કાર્યક્રમ

તા.૨૯ નવેમ્બર થી ૪ ડિસેમ્બર સુધી ફોર્મ ભરાશે
તા.૬ ડિસેમ્બરના રોજ ફોર્મની ચકાસણી થશે
તા.૭ ડિસેમ્બરના રોજ ફોર્મ પરત ખેંચી શકાશે
તા.૧૯ ડિસેમ્બરના રોજ ચૂંટણી નું મતદાન થશે
તા.૨૧ ડિસેમ્બરના રોજ મતગણતરી બાદ પરીણામ જાહેર થશે

હિંમતનગર શહેરમાં કોંગ્રેસનું જન જાગરણ અભિયાન...

મોંઘવારી મુદ્દે કોંગ્રેસની રેલી અને પત્રિકા વિતરણ

હિંમતનગર, તા. ૨૫ સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા જનજાગરણ અભિયાન અંતર્ગત હિંમતનગર શહેરમાં રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ મંદી, મોંઘવારી, ભ્રષ્ટાચારને જનજાગરણ યાત્રા માધ્યમથી પ્રજાને માહિતગાર કરવા પદ યાત્રાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પદયાત્રા સિવિલ સર્કલ પાસે આવેલ ડૉ બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમાં ને ફુલહાર કરી સરું થઈ પાંચબત્તી થઈ ટાવર ચોક પોહચી હતી. પદયાત્રામાં 'મોંઘુ તેલ, મોંઘું ગેસ, મોંઘુ શિક્ષણ સસ્તુ

કરો'નાં બેનરો, પ્લે કાર્ડ લઈ ભારે સુત્રોચાર કરી પત્રિકાનું વિતરણ કરી વિરોધ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જીલ્લા કોંગ્રેસ સમિતી ખાતે પુર્વ રાજ્યસભા સાંસદ સ્વર્ગીય એહમદ પટેલની પ્રથમ પુણ્યતિથિ નિમિતે બે મિનીટનું મૌન પાળી શ્રધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે સા.કા. જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેશ પટેલ ઉપપ્રમુખ સુરેશ પટેલ પૂર્વે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા રામભાઈ સોલંકી મહિલા પ્રમુખ જયોતિબેન દવે સહેર પ્રમુખ પ્રિયવદન પટેલ અશોક પટેલ યુથ પ્રમુખ દેવ પટેલ ઈમરાન અલજીવલા રતનબેન સુતરીયા અનિલ પંડ્યા મિડિયા કન્વીનર યુસુફભાઈ બચ્ચા વિગેરે કોંગ્રેસનાં હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

અરવલ્લી જિલ્લામાં દિવ્યાંગ ભાઈ બહેનો માટે સર્ટિફીકેટ કેમ્પ યોજાશે

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં દિવ્યાંગ ભાઈ બહેનો માટે સર્ટિફીકેટ કેમ્પ યોજાશે દિવ્યાંગ ધારો ૨૦૧૬ ની જિલ્લા અમલીકરણ સમિતિના સભ્ય સચિવ વિનોદચંદ્ર પટેલ એ દિવ્યાંગ ભાઈ બહેનોને પોતાની ક્ષતિના સર્ટી માટે હિંમતનગર જવું ના પડે અને દરેક તાલુકા આરોગ્ય કેન્દ્ર ખાતે આ સુવિધા મળી રહે તેવી રજૂઆત કરી હતી જેને અરવલ્લી જિલ્લા કલેકટર તથા જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અનુમતી આપવામાં આવી હતી અને તાત્કાલિક કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે જે દિવ્યાંગ ભાઈ બહેનો પાસે નવા ઓનલાઈન સર્ટિ ન હોય તો તે દરેકે પોતાના તાલુકા માં નક્કી કરેલ સ્થળ પર રેશનકાર્ડ,આધાર કાર્ડ બે પાસપોર્ટ સાઈઝના ફોટા અને જૂનો વિકલાંગતા સર્ટી (ઓરીજનલ અને તમામ ઝેરોક્ષ) સાથે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૩/૧૨/૨૦૨૧ ના રોજ
કોટેજ હોસ્પિટલ ભીલોડા માં ૨૬-૧૧-૨૦૨૧ નારોજ
સામુહિક આરોગ્ય કેન્દ્ર મેઘરજ ખાતે-૧૦-૧૨-૨૦૨૧ ના રોજ
સામુહિક આરોગ્ય કેન્દ્ર બાયડ ખાતે ૧૭-૧૨-૨૦૨૧ ના રોજ
મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખાતે-૨૪-૧૨-૨૦૨૧ ના રોજ
તમામ જગ્યાએ આ કાર્યક્રમ ૧૦:૩૦ થી ૧ વાગ્યા સુધી ચાલશે

આ કાર્યક્રમની અનુમતિ આપવા બદલ વિનોદચંદ્ર પટેલ અને તમામ દિવ્યાંગ ભાઈઓ બહેનો એ વહીવટી તંત્ર જિલ્લા સુરક્ષા કચેરી નો આભાર વ્યક્ત કર્યો હતો

ભિલોડા તાલુકામાં ચોરે અને ચોંટે એક જ ચર્ચા નવિન સરપંચ કોણ બનશે

ભિલોડા, તા.૨૫

ગુજરાત રાજયભરમાં ૧૦,૦૦૦ થી વધુ ગ્રામ પંચાયતોની ચુંટણીની જાહેરાત સાથે જ અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. અરવલ્લી જીલ્લામાં ૨૩૧ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાશે તેમ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ જણાવ્યું હતું. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ચોરે અને ચોંટે એક જ ચર્ચા નવિન સરપંચ કોણ બનશે,નવિન વોર્ડ મેમ્બર્સ કોણ બનશે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે સંભવિત ઉમેદવારોના સમર્થકો અને ટેકેદારોમાં ભારે ખેંચમતાણ જોવા મળે છે. ભિલોડા તાલુકા મથક ખાતે નગરપાલિકા સમકક્ષ નો વહીવટ ધરાવતી ગ્રામ્ય કક્ષાની મોટા માં મોટી ધણાતી ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના આગામી નવિન સરપંચ પદના સંભવિત ઉમેદવારોના નામ નીચે મુજબ છે.

મુકેશભાઈ ત્રિવેદી, અમિતભાઈ ત્રિવેદી,જીતભાઈ ત્રિવેદી,પ્રભુદાસ પટેલ, મનોજભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ,અશ્વિનભાઈ ઠાકોર, ભીખાભાઈ ભાટીયા,

રામસિંધભાઈ ઓડ સહિત અનેક ઉમેદવારોના સંભવિત નામ સરપંચ પદ માટે જોરશોરથી ચર્ચાઈ રહ્યા છે. ૨૯ નવેમ્બરે ચુંટણી પંચ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ થશે. ૪ ડિસેમ્બરે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે. ૬ ડિસેમ્બરે ઉમેદવારી પત્રકની ચકાસણી થશે. ૧૯ ડિસેમ્બરે મતદાન થશે. ૨૧ ડિસેમ્બરે મતદાન ગણતરી યોજાશે ત્યારે કહીં ખુશી કહીં ગમ ના દ્રશ્યો જોવા મળશે .

ફુલ ગુલાબી ઠંડીના ચમકારા વચ્ચે ગામડાઓમાં ચુંટણીને અનુલક્ષીને રાજકીય ગરમાવો આગામી દિવસોમાં વધશે,ઉમેદવારોમાં અનેરો થનગનાટ જોવા મળે છે.